સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર – ૩૮૫ ૫૦૬
જિ. : બનાસકાંઠા

જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૬

સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ ઈજનેરી), વર્ગ–૩ સંવર્ગની વિગતવાર સૂચનાઓ

૧. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર હસ્તકની સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ ઈજનેરી), વર્ગ–૩ સંવર્ગની કુલ–૦૯ જગ્યાઓ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂા.૪૯,૬૦૦/– અને ત્યારબાદ પગાર ધોરણ રૂા.૩૯,૯૦૦–૧,૨૬,૬૦૦ (લેવલ–૭) માં સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી યુનિવર્સિટીની વેબસાઈટ **www.sdau.edu.in** પર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી **તા.૦૬/૧૧/૨૦૨૬ (૧૫:૦૦ કલાક) થી તા.૩૦/૧૧/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી)** દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૨. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં પહેલાં ધ્યાનથી કાળજીપૂર્વક વાંચવી જરૂરી છે, જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય અને જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

૩. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ www.sdau.edu.in પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે યુનિવર્સિટીની વેબસાઈટ અચૂક જોતા રહેવું.

૪. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે માંગ્યા મુજબના તમામ પ્રમાણપત્રો અપલોડ કરવાના રહેશે તથા પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કેટેગરી (SC/ST/SEBC/EWS), દિવ્યાંગતા (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં પોતાના પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી "**રદ**" થવાપાત્ર બને છે. આથી, ઓનલાઈન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

જગ્યાની વિગતો :– કુલ જગ્યા – ૦૯

જગ્યાની વિગતો નીચે મુજબ છે.

સંવર્ગનું નામ	કુલ જગ્યાઓ	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					કુલ જગ્યાઓ પૈકી અનામત	
		અનુ. જાતિ	અનુ. જન જાતિ	સા.શૈ. પ.વર્ગ	આર્થિક રીતે નબળા વર્ગ	બિન અનામત (સામાન્ય)	અનુ. જાતિ	અનુ. જન જાતિ	સા.શૈ. પ.વર્ગ	આર્થિક રીતે નબળા વર્ગ	બિન અનામત (સામાન્ય)	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	માજી સૈનિક
સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ ઈજનેરી), વર્ગ–૩	૦૯	૦૧	૦૧	૦૨	૦૧	૦૪	૦૦	૦૦	૦૦	૦૦	૦૧	૦૧	૦૧

(અનુ. જાતિ – અનુસૂચિત જાતિ (SC), અનુ. જનજાતિ – અનુસૂચિત જનજાતિ (ST), સા.શૈ.પ. – સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આ.ન.વ. – આર્થિક રીતે નબળા વર્ગ (EWS))

Downloaded from websankul.com

(૧) અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ (ભાગ-૧)ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૩) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ, ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઉમેદવારોએ મેળવેલા માર્ક્સના મેરિટને ધ્યાને લઈ કરવામાં આવે છે. તેથી, આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૪) દિવ્યાંગજન ઉમેદવારો માટે અનામત જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માટે તેમજ જો કોઈ જગ્યાઓ અનામત ના હોય ત્યારે અનામત સિવાયની જગ્યા પર દિવ્યાંગજન ઉમેદવાર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે:

સંવર્ગનું નામ	અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ	બધિર અને ઓછું સાંભળનાર	મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ	સ્વલીનતા, બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી અને (A) થી (D) હેઠળની વ્યકિતમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા
	A	B	C	D & E
સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ ઈજનેરી), વર્ગ-૩	-	D, HH	OL, BL*, CP, LC, Dw, AAV, SD & SI	ASD(M), ID, SLD, MI, MD
કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગજન માટે અનામત જગ્યા	-	૦૧	૦૦	૦૦

CATEGORY ABBREVIATIONS USED: LV = Low Vision, D = Deaf, HH = Hard of Hearing, OL = One leg, BL = Both Legs, CP = Cerebral Palsy, LC = Leprosy Cured, Dw = Dwarfism, AAV = Acid Attack Victim, SD = Spine Deformity, SI = Spine Injury, ASD(M) = Autism Spectrum Disorder (Mild), ID = Intellectual Disability, SLD = Specific Learning Disability, MI = Mental Illness, MD = Multiple Disabilities involving in Group A to D.

BL* માટે ખાસ નોંધ: BL* પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/DIA/E-FILE/17/2023/1761/CHH-SECTION માં ઠરાવેલ નીચે મુજબની શરતો અને જોગવાઈઓને આધીન રહેશે.

૧) BL (બન્ને પગ) પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યકિત કોઈ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યકિતની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોઈશે.

૨) આવા ઉમેદવાર લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થાય, ત્યારબાદ ફરજોના સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડિકલ બોર્ડનો અભિપ્રાય સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર દ્વારા મેળવવામાં આવશે. આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂક માટે લાયક છે કે ગેરલાયક છે તે યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવશે.

Downloaded from websankul.com

નાગરિકત્વ :-

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

વયમર્યાદા :-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૬ ના રોજ ઉમેદવારની ઉંમર **૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન** હોવી જોઈએ. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ તથા No.GS/33/2015/CRR/11-2008/282323/G-5, તા.૦૬/૧૦/૨૦૧૫ની જોગવાઈ તેમજ તે અન્વયે થયેલ સુધારાઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(૨) સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો, માજી સૈનિક તથા દિવ્યાંગજન ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે તથા આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

કેટેગરી	છૂટછાટ	મહત્તમ વયમર્યાદા
સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને	૫ વર્ષ	મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં
અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારોને	૫ વર્ષ	મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં
અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦)	૧૦ વર્ષ	મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં
સામાન્ય કેટેગરીના દિવ્યાંગજન પુરુષ ઉમેદવારોને	૧૦ વર્ષ	મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં
સામાન્ય કેટેગરીના દિવ્યાંગજન મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫)	૧૫ વર્ષ	મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં
અનામત કેટેગરીના દિવ્યાંગજન પુરુષ ઉમેદવારો (૫+૧૦=૧૫)	૧૫ વર્ષ	મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં
અનામત કેટેગરીના દિવ્યાંગજન મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦)	૨૦ વર્ષ	મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં
માજી સૈનિક ઉમેદવારો	ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.	

(૩) ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (SAUs)ના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદા સ્ટેચ્યુટ S-116ના નિયમ ૨૭.૩ મુજબ છૂટછાટ મળવાપાત્ર થશે.

(૪) અનામતના ઘારા ધોરણો માટે નામદાર ગુજરાત સરકારશ્રીની વખતોવખતની અનામત નીતિ અનુસરવામાં આવશે.

પગારધોરણ :-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ.૧ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ **રૂ.૪૯,૬૦૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ હજાર છસો)**ના ફિક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ અને તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવોમાં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન, નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં રૂ.૩૯,૯૦૦/- થી રૂ.૧,૨૬,૬૦૦/- (લેવલ-૭)ના પગારધોરણમાં, જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર નિયમિત નિમણૂક

Downloaded from websankul.com

મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલા SLP No.14124/2012 અને SLP No.14125/2012ના આખરી ચુકાદાને આધીન રહેશે.

શૈક્ષણિક લાયકાતની વિગતો :-

(૧) At least a first-class degree in B.Tech (Agricultural Engineering) / B.Tech (Renewable Energy & Environmental Engineering)

OR

A second- class master's degree in any discipline of M.Tech (Agricultural Engineering & Technology)

(૨) Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

(૩) અનામત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઈશે તથા યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી "**રદ**" ગણવામાં આવશે.

(૪) અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહીં.

(૫) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (એટલે કે વયમર્યાદા, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૬) ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલી હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કૉલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૭) જો કોઈ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરીમાં અરજી કરે પરંતુ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર દ્વારા માંગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજૂ કરી શકે નહીં તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઈ પણ છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરિટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવી શકે છે. પરંતુ કોઈ પણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી કે અન્ય કોઈ તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

Downloaded from websankul.com

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો :-

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪/૨૦૨૪-૨૫/૨૦૨૫-૨૬ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા.૦૧/૦૪/૨૦૨૪ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં** મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત (૧)માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૩૦/૧૧/૨૦૨૬ દરમ્યાનમાં** કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A મુજબના નમૂનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત (૧) અથવા (૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે, અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "**રદ**" કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત (૧) અથવા (૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઈશ્યૂ તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવે ત્યારે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહીં.

(૬) જો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ નહીં હોય તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો :-

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈથી નિયત થયેલ નમૂના Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ (ગુજરાતી)ના નમૂનામાં **તા.૦૧/૧૨/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં** મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (આ પ્રમાણપત્રો ઈશ્યૂ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.)

(૨) ઉક્ત (૧)માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં** ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત (૧) અથવા (૨)માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઈ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી

Downloaded from websankul.com

વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે, અન્યથા તેઓ બિન અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહીં. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુનું પ્રમાણપત્ર કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) ઉમેદવારે ઉક્ત (૧) અથવા (૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિન અનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

દિવ્યાંગજન ઉમેદવારો :-

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક: ACD/SEC/e-file/2/2023/0310/K2 Section – Agri Uni, તા.૧૪/૦૭/૨૦૨૩ થી રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના વિવિધ સંવર્ગો માટે દિવ્યાંગતાની કેટેગરી નક્કી થયા મુજબ દિવ્યાંગતા માન્ય રહેશે.

(૨) દિવ્યાંગજન ઉમેદવારે બિન અનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે. દિવ્યાંગજન ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં પોતાની દિવ્યાંગતાની ટકાવારી/વિગત દર્શાવવાની રહેશે. દિવ્યાંગ ઉમેદવારોને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક : HFWD/MSM/e-file/7/2024/1833/A થી નિયત થયેલ સુપરિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં).

(૩) દિવ્યાંગજન ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2 થી પરિપત્રિત થયા અનુસાર The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થયેલ હોય સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત થયેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક : HFWD/MSM/e-file/7/ 2024 /1833/A અન્વયે The Rights of Persons with Disabilities Rules, 2017 થી નિયત થયેલ Form – V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) ઉમેદવારોએ આપવાનું રહેશે.

(૪) રાજ્ય સરકારશ્રી દ્વારા દિવ્યાંગજન ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨, તા.૧૭/૦૯/૨૦૨૧ તથા ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨, તા.૨૦/૧૧/૨૦૨૪ના ઠરાવોથી નિયત કરેલ દિશાસૂચન મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૫) દિવ્યાંગજન કેટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે.

માજી સૈનિક :-

(૧) માજી સૈનિક માટે નિયમોનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૨) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ/ભૂમિદળની ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક: GS/2018-(2)-RES-1085/3433/G-2ની જોગવાઈ મુજબ, ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

Downloaded from websankul.com

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-file/1/2023/5258/G-2થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે.

વિધવા ઉમેદવારો :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે વિગતો અવશ્ય દર્શાવવી.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને MCQ-OMR/MCQ-Computer Based Response Test (CBRT) પરીક્ષામાં મેળવેલા કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે યુનિવર્સિટી માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(**નોંધ**:- ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલા ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)

(૩) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે 'વિધવા' ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે 'વિધવા' બને અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને 'વિધવા મહિલા ઉમેદવાર' તરીકેના લાભ આપવામાં આવશે.

માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર ઍથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબૉલની રમતો-ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને MCQ-OMR/MCQ-Computer Based Response Test (CBRT) પરીક્ષામાં મેળવેલા કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઈ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઈ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ તથા તા.૧૮/૦૪/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૯/યુ.ઓ.-૪૧૧૦/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.

(૩) સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મૂકીને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતોવખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

Downloaded from websankul.com

શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ :-

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૩૦/૧૧/૨૦૨૬**ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

કોમ્પ્યૂટરની જાણકારી :-

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "**રદ**" કરશે.

અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૦૬/૧૧/૨૦૨૬ (સમય ૧૫:૦૦ કલાકે) થી તા.૩૦/૧૧/૨૦૨૬ (સમય ૨૩:૫૯ કલાક સુધી)** દરમિયાન સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ **www.sdau.edu.in** પર ઓનલાઈન અરજીપત્રક ભરી શકશે. ઓનલાઈન અરજીપત્રક ભરવા માટેની વિગતવાર સૂચના **"USER MANUAL"**માં આપવામાં આવેલ છે, જે ઉમેદવારે ફોર્મ ભરતા પહેલાં અચૂક જોઈ લેવી. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજી કરવાની રહેશે.

ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે:-

(૧) સૌપ્રથમ યુનિવર્સિટીની વેબસાઈટ www.sdau.edu.in પર જઈ ઓનલાઈન અરજીની લિંક દ્વારા જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૬, સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ ઈજનેરી), વર્ગ-૩ સંવર્ગની જાહેરાતની વિગતો વાંચી, અરજીપત્રક ખોલવું અને માંગ્યા મુજબની તમામ વિગતો (જ્યાં ફરજિયાત દર્શાવેલ હોય ત્યાં ફરજિયાત) ભરવી.

(૨) અરજીમાં વ્યક્તિગત વિગતો, શૈક્ષણિક વિગતો તથા માંગ્યા મુજબના પ્રમાણપત્રો અપલોડ કરવા તથા બાંહેધરી (Declaration)માં દર્શાવેલ શરતો સ્વીકારવી. અરજી સેવ કર્યા બાદ જનરેટ થયેલ Application Number ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૩) ઉમેદવારે પોતાનો ફોટો અને સહી "USER MANUAL" માં દર્શાવ્યા મુજબ અપલોડ કરવાના રહેશે. જે ફોટો અને સહી અપલોડ કરવામાં આવ્યા હશે તે જ ફોટો લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ સહી કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂક સુધીના દરેક તબક્કે યુનિવર્સિટી માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી/નિમણૂકમાં બાધ આવી શકશે, જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૪) **અરજી કન્ફર્મ કરતા પહેલા કોઈ પણ પ્રકારનો સુધારો થઈ શકશે, પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈ પણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ અરજી કન્ફર્મ કરવી. એકવાર ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે યુનિવર્સિટી દ્વારા થઈ શકશે નહીં.** અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે

Downloaded from websankul.com

પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટ્સ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીકાઈથી ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઈન અરજીમાં દર્શાવવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવામાં આવતા પ્રમાણપત્રોમાં કોઈ પણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ યુનિવર્સિટી દ્વારા જે તે તબક્કેથી '**રદ**' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૫) અરજી કન્ફર્મ કરતાં Confirmation Number જનરેટ થશે, જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. ત્યારબાદ અરજીની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે.

(૬) ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે.

અરજી ફી :-

(૧) યુનિવર્સિટીની આ ભરતી માટે અરજી ફીના દર નીચે મુજબ રહેશે.

ક્રમ	વિગત	અરજી ફીની રકમ (રૂ.)
૧	બિન અનામત વર્ગના પુરુષ/મહિલા ઉમેદવારો માટે	રૂ.૧૦૦૦/- + બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ
૨	અનામત વર્ગના પુરુષ/મહિલા ઉમેદવારો માટે (EWS/SC/ST/SEBC)	રૂ.૨૫૦/- + બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ
૩	દિવ્યાંગજન ઉમેદવારો માટે	રૂ.૨૫૦/- + બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ
૪	માજી સૈનિક ઉમેદવારો માટે	શૂન્ય

(૨) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઈન માધ્યમથી જ ભરવાની થાય છે. અરજી ફી ભરવાની છેલ્લી તારીખ **તા.૩૦/૧૧/૨૦૨૫ (૨૩:૫૯ કલાક)** છે. ઓનલાઈન ફી ભરવાની વિગતવાર સૂચના "USER MANUAL" માં આપવામાં આવેલ છે, જે ઉમેદવારે ફોર્મ ભરતા પહેલાં અચૂક જોઈ લેવી. ઓનલાઈન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે અરજી ફી ઉપરાંત નિયમોનુસાર બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ ભરવાના રહેશે.

(૩) તમામ ઉમેદવારોએ ફી ભર્યા અંગેના આધારો (રસીદ/ઈ-રસીદ) ફરજિયાતપણે મેળવી પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે. જો ફી ભર્યા અંગેની રસીદ જનરેટ ન થાય તો અરજી માટેની ફી ભરાયેલ ગણાશે નહીં અને જ્યાં સુધી ફી ભરાયેલ નહીં હોય ત્યાં સુધી ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહીં.

(૪) **અરજી ફી રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર, પે-ઓર્ડર કે અન્ય કોઈ સ્વરૂપે સ્વીકારવામાં આવશે નહીં,** જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૫) અરજી ફી નહીં ભરનાર ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈ પણ જાતની જાણ કર્યા વગર "**રદ**" કરવામાં આવશે.

પરીક્ષા પદ્ધતિ :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક અને તા.૧૬/૧૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી તાંત્રિક તેમજ બિનતાંત્રિક (ખાસ વિષય/વિષયો શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા) વર્ગ-૩ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે

Downloaded from websankul.com

ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક જ તબક્કામાં **Optical Marks Reading (OMR) અથવા Computer Based Response Test (CBRT)** પદ્ધતિથી હેતુલક્ષી MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા **Part-A** અને **Part-B** એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે). આ પ્રશ્નપત્રના Part-A અને Part-B નું માળખું નીચે મુજબ રહેશે.

Part-A

ક્રમ	વિષય	ગુણ
૧	તાર્કિક કસોટીઓ તથા Data Interpretation	૩૦
૨	ગાણિતિક કસોટીઓ	૩૦
૩	ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન	૩૦
	કુલ ગુણ	**૯૦**

Part-B

ક્રમ	વિષય	ગુણ
૧	સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો	૧૨૦
	કુલ ગુણ	**૧૨૦**

નોંધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) Part-A માં કુલ ૯૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ)નો સમય મળવાપાત્ર થશે.

(૪) M.C.Q. પદ્ધતિમાં નેગેટીવ માર્કિંગ પદ્ધતિ અપનાવવામાં આવશે, જે નીચે મુજબ રહેશે:

૧. પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ **૦.૨૫ ગુણ** નેગેટીવ માર્કિંગ રહેશે.

૨. પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ **૦.૨૫ ગુણ** કાપવામાં આવશે.

૩. એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ **૦.૨૫ ગુણ** કાપવામાં આવશે.

૪. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ("Not Attempted") રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં. ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ ૧, ૨ અને ૩ મુજબ બાદ (માઈનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ ઉમેદવારને પ્રાપ્ત ગુણ ગણવામાં આવશે.

૫. દિવ્યાંગજન ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી યુનિવર્સિટી દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઈનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઈનલ આન્સર કીમાં કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે. ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

(૭) અત્રેની કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવાનાર Part-A માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે જેમાં અંગ્રેજી વિષયને લગતા પ્રશ્નોનું માધ્યમ અંગ્રેજી રહેશે જ્યારે Part-B માટે પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

પરીક્ષાનું આયોજન :–

(૧) પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને યુનિવર્સિટી દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.

Downloaded from websankul.com

(૨) પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના યુનિવર્સિટીની વેબસાઈટ www.sdau.edu.in પર મૂકવામાં આવશે.

(૩) ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૪) આ જાહેરાત અન્વયે OMR (Optical Marks Reading) અથવા CBRT (Computer Based Response Test) પરીક્ષા સંભવિત માહે : **ડિસેમ્બર–૨૦૨૬/જાન્યુઆરી–૨૦૨૭** માં આયોજિત થશે.

પરિણામની પ્રસિદ્ધિ :–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ તથા તા.૧૬/૧૨/૨૦૨૫ના ઠરાવ અનુસાર Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ના ઠરાવની જોગવાઈનુસાર સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં તમામ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

(૩) ત્યારબાદ પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોનું પ્રોવિઝનલ પરિણામ યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ :–

(૧) યુનિવર્સિટી દ્વારા પ્રોવિઝનલ પરિણામ પ્રસિદ્ધ કર્યા બાદ પરીક્ષાના Part-A અને Part-B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) જાળવીને Part-A અને Part-B માં મેળવેલા કુલ ગુણના મેરીટના આધારે કેટેગરી પ્રમાણે ભરવાપાત્ર જગ્યાના આશરે **ચાર ગણા** ઉમેદવારોને અસલ પ્રમાણપત્રોની ચકાસણી (Document Verification) માટે બોલાવવામાં આવશે.

(૨) પ્રોવિઝનલ મેરીટ યાદીના ચાર ગણા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી બાદ પણ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે જરૂરી સંખ્યાના ઉમેદવારો ન મળવાના સંજોગોમાં કેટેગરીવાઈઝ જરૂર મુજબના પ્રોવિઝનલ મેરીટ યાદી પરના ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૩) Part–A અને Part–Bના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. જે તે સંવર્ગની જગ્યાઓ ભરવા માટે જાહેરાતમાં જે સંખ્યા દર્શાવવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાનમાં લઈને સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓને અનુરૂપ મેરીટનું ધોરણ યુનિવર્સિટી નક્કી કરી શકશે.

(૪) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૫) ડોક્યુમેન્ટ વેરિફિકેશન બાદ તૈયાર કરેલ અગ્રતાક્રમમાં મેરીટ એકસરખું થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે:

(અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના ગુણ/મેરીટ સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેની જન્મતારીખ (મોટા ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

(બ) ઉક્ત (અ) મુજબ જન્મતારીખ સરખી થાય તેવા કિસ્સામાં મુખ્ય પરીક્ષા OMR (Optical Marks Reading) અથવા CBRT (Computer Based Response Test) માં મેળવેલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

(ક) ઉક્ત (બ) મુજબ OMR (Optical Marks Reading) અથવા CBRT (Computer Based Response Test) પરીક્ષામાં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ–૧૦માં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

Downloaded from websankul.com

અગત્યની સૂચનાઓ :–

(૧) **ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કૅટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની કોઈ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.** આથી, જો ઉમેદવારને અરજીપત્રકની કોઈ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુનઃ અરજી કરી Confirmation Number મેળવી તે Confirmation Number માટે નિયત ફી ભરવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબક્કે "**રદ**" ગણવામાં આવશે.

(૩) ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પુરાવા રજૂ કરવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે યુનિવર્સિટીની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર ગુજરાતી અને હિન્દી અથવા અંગ્રેજી ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

(૫) જરૂરિયાત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર SMS અને ઈ–મેઈલ મારફત આપવામાં આવશે. આથી, ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર અને ઈ–મેઈલ આઈ.ડી. દર્શાવે છે તે નંબર અને ઈ–મેઈલ આઈ.ડી. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ જ રાખવા, એ ઉમેદવારના હિતમાં છે.

(૬) **ના વાંધા પ્રમાણપત્ર (NOC)** : ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે.

(૭) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૫ હેઠળ કોઈ પણ પ્રકારની માહિતી માંગતી કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

(૮) યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, યુનિવર્સિટીના કોઈ અધિકારી/કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ "**રદ**" થવાને પાત્ર બનશે.

Downloaded from websankul.com

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી યુનિવર્સિટી "**રદ**" કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, યુનિવર્સિટી/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબક્કે "**રદ**" કરવામાં આવશે.

(૧૦) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૧૧) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૧૨) સમગ્ર ભરતી પ્રક્રિયા સંદર્ભે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફથી આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.sdau.edu.in અવારનવાર જોતા રહેવું.

- આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

નોંધ :- જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૬ અન્વયે ઓનલાઈન અરજી ફોર્મ ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો હેલ્પ ડેસ્ક નં. ૮૫૯૫૯૦૪૪૦૭ અથવા ૮૦૬૨૬૭૫૬૫૭ તથા support@registernow.in અથવા aid.exams@gmail.com ઉપર કચેરી કામકાજના સમયે સંપર્ક કરી શકાશે.

તારીખ:- 03/12/૨૦૨૬
સ્થળ:- સરદારકૃષિનગર

કુલસચિવ
સ.દાં. કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર

Downloaded from websankul.com